# સુરત મહાનગર પાલિકા



| | | |
|---|---|---|
| **ડૉ. એસ. જે. ગૌતમ**<br><br>ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ | | જાહેર બાગ બગીચા ખાતુ<br>ગાંધીબાગ, ચોકબજાર, સુરત.<br>ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩<br>ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦ |



અપીલ અરજી નં.ડી–૨૪૫૪,
તા.૦૭/૦૬/૧૬

અરજદાર :– શ્રી રાજેશ કે. શાહ
સામાવાળા :– ડે.ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી શ્રી, જાહેર બાગબગીચા ખાતુ

ફરીયાદની હકીકત :–

વિષય :– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી રાજેશ કે. શાહની તા.૧૩/૦૭/૧૬ની કોમ્પ્યુટરાઈઝડ આઈ.ડી.નં.૩૦૦/૨૮૪૯૮ની અરજીથી ગાર્ડન વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીના અકસ્મયાત ફોર્મ સહિતની માહિતી આપવા બાબત.

સંદર્ભ : – (૧) કોમ્પ્યુટરાઈઝડ આઈ.ડી.નં.૩૦૦/૨૮૪૯૮, તા.૧૩/૦૭/૧૬.
(૨) પી.પી.જી./ઈ.નં./૧૬૨૨, તા.૧૩/૦૭/૧૬.
(૩) પી.પી.જી./આ.વ.નં./૭૮૦, તા.૧૮/૦૭/૧૬
(૪) અપિલ અરજી પી.પી.જી./ઈ.નં./૨૦૧૬, તા.૦૨/૦૮/૧૬.
(૫) અપિલ અન્વયે રૂબરૂ સુનવણીમાં હાજર રહેવા અંગેનો પત્ર પી.પી.જી./આ.વ.નં./૭૯૬, તા.૧૮/૦૭/૧૬

શ્રી રાજેશ કે. શાહની અરજીથી સુ.મ.પા.ના વેસ્ટ ઝોનમાં આવેલસહનીપ સ્કવેર સોસાયટીની પ્રિમાઈસીસમાં બીલીપત્રનું સુકાઈ ગયેલ વૃક્ષ કાપવા સોસાયટીના પ્રમુખ અને તેમના મળયતા સભ્યોઓએ અન્ય સભ્યોને અજાણ રાખી પરવાનગી મેળવવા કરેલ અરજી અન્વયે થયેલ કાર્યવાહીને ધ્યાને લઈ સોસાયટી તરફથી આપવામાં આવેલ અરજી પત્રની સહી સિક્કાવાળી નકલ તેમજ ગાર્ડન વિભાગ દ્વારા કરેલ કાર્યવાહી અનુસંધાને તમામ પત્રોની સહી સિક્કાવાળી નકલોની માહિતી માંગવા પી.પી.જી./ઈ.નં./૧૬૨૨, તા.૧૩/૦૭/૧૬ થી માંગવામાં આવેલ. જે અન્વયે ગાર્ડન વિભાગના પત્ર પી.પી.જી./આ.વ.નં./૭૮૦, તા.૧૮/૦૭/૧૬ થી માંગેલ પુરાવા માટે રૂા.૧૬/– જમા કરાવવા જણાવવામાં આવેલ. જે અરજદાર દ્વારા વેસ્ટ ઝોનના નાગરીક સુવિધા કેન્દ્ર ખાતે સ્ક્રોલ નં.૭૦૦/૫૮, તા.૨૬/૦૭/૧૬ થી જમા કરાવ્યાની રસીદ અત્રેની ગાર્ડન વિભાગની કચેરીએ રજુ કરતા પી.પી.જી./આ.વ.નં./૮૪૦, તા.૨૬/૦૭/૧૬ થી અરજદારને પાના નંગ–૮ ની નકલ આપવામાં આવેલ છે. પરંતુ અરજદારને મળેલ માહિતીથી અસંતોષ થતા પ્રથમ અપીલ પી.પી.જી./ઈ.નં./૨૦૧૬, તા.૦૨/૦૮/૧૬ થી કરતા ગાર્ડન વિભાગના પત્ર પી.પી.જી./આ.વ.નં./૯૩૫, તા.૦૪/૦૮/૧૬ થી અરજદારને રૂબરૂ સુનવણી માટે તા.૧૦/૦૮/૧૬ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે અપિલ અધિકારી અને ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટશ્રીની કચેરીએ હાજર રહેવા જણાવવામાં આવેલ.

## હુકમ

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ હાજર રહેવા પત્ર પી.પી.જી./આ.વ./નં.૯૩૫ તા.૦૪/૦૮/૧૬ ના રોજ સાંજે ૫–૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. અરજદાર સાંજે ૫:૦૦ કલાકે હાજર રહેલ. જેમની હાજરીમાં રૂબરૂ સુનવણી દરમ્યાન અરજદારશ્રીએ માંગેલ માહિતી રૂબરૂ સાંભળ્યા બાદ જાહેર માહિતી અધિકારીએ માંગ્યા મુજબ જરૂરી માહિતી આપેલ છે. પરંતુ અરજદાર દ્વારા જણાવવામાં આવેલ કે સુકાઈ ગયેલ વૃક્ષ કાપવા માટેની કરેલ અરજી અંગેના પત્રમાં કમીટી સભ્ય શ્રી ધર્મેશ મોદીએ જ સહી કરેલ છે અન્ય સભ્યોને તે બાબત જાણ નથી. જેથી સુકાઈ ગયેલ વૃક્ષ માટેની રજુઆત સોસાયટી દ્વારા સોસાયટીના સભ્યોના સંકલનમાં / વિશ્વાસમાં લઈ થયેલ નથી. જે અંગે તપાસ થવી જરૂરી છે એમ શ્રી રાજેશભાઈએ રજુઆત કરતા અપીલ અધિકારીની સુચના મુજબ ગાર્ડન વિભાગના પત્ર પી.પી.જી./આ.વ.નં./૧૦૦૪, તા.૧૯/૦૮/૧૬ થી સોસાયટીના પ્રમુખશ્રીને પત્ર લખી તપાસ કરાવેલ છે. જેનો જવાબી પત્ર પી.પી.જી./ઈ.નં./૨૪૮૨, તા.૦૭/૦૯/૧૬ થી મળેલ છે. જે મુજબ સુકાઈ ગયેલ વૃક્ષ કાપવા પત્રમાં સહી કરેલ સભ્યોશ્રીએ સંમતિ દાખવેલ છે. એમ જણાવેલ છે. જે હકીકત ધ્યાને લઈ આ હુકમથી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

પી.પી.જી./આ.વ./નં.
તા.૧૪/૦૯/૧૬

અપીલ અધિકારી અને
ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટ
જાહેર બાગ બગીચા ખાતુ

**નકલ રવાના : –**
**પ્રતિ,**
શ્રી રાજેશ કે. શાહ

# સુરત મહાનગર પાલિકા

| | |
|---|---|
| ડૉ. એસ. જે. ગૌતમ<br><br>ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ | જાહેર બાગ બગીચા ખાતુ<br>ગાંધીબાગ, ચોકબજાર, સુરત.<br>ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩<br>ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦ |

(૧) અપીલ અરજી નં.પી.પી.જી./ઈ.નં./૩૯૩૭, તા.૨૮/૧૨/૧૬
(૨) અપીલ અરજી નં.પી.પી.જી./ઈ.નં./૪૦૬૫, તા.૦૪/૦૧/૧૭

અરજદાર :– શ્રી પરિમલ કંસારા
સામાવાળા :– ડે.ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી શ્રી, જાહેર બાગબગીચા ખાતુ

ફરીયાદની હકીકત :–

વિષય :– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી પરિમલ કંસારાની તા.૦૭/૧૧/૧૬ ની આઈ.ડી.નં.૧૭૪૭ ની અરજીથી સેન્ટ્રલ ઝોનમાં આવેલ ગાંધીબાગની માંગેલ માહિતી બાબત.

સંદર્ભ : – (૧) પત્ર આઈ.ડી.નં.૧૭૪૭, તા.૦૭/૧૧/૧૬ ની અરજી બાબત.
(૨) પી.પી.જી./ઈ.નં./૩૩૮૧, તા.૧૧/૧૧/૧૬.
(૩) પત્ર પી.પી.જી./આ.વ.નં./૧૬૮૦, તા.૦૬/૧૨/૧૬
(૪) અપીલ અરજી નં.પી.પી.જી./ઈ.નં./૩૯૩૭, તા.૨૮/૧૨/૧૬
(૫) અપીલ અરજી નં.પી.પી.જી./ઈ.નં./૪૦૬૫, તા.૦૪/૦૧/૧૭
(૬) અપિલ અન્વયે રૂબરૂ સુનવણીમાં હાજર રહેવા અંગેનો પત્ર પી.પી.જી./આ.વ.નં./૧૯૨૦, તા.૦૭/૦૧/૧૬

શ્રી પરિમલ કંસારાની અરજીથી સેન્ટ્રલ ઝોનમાં આવેલ ગાંધીબાગના મુલકાતનો સમય અને તેના બદલાવ અંગેના ઠરાવ / પરિપત્રો, બાગમાં આવેલ શૌચાલય અને પાણીની પરબની માહિતી માંગવામાં આવેલ. જે અન્વયે ગાર્ડન વિભાગ દ્વારા ઉપલબ્ધ રેકોર્ડ મુજબ આપવામાં આવેલ માહિતી અપુરતી હોય, કરેલ અપીલ અન્વયે સંદર્ભ ક્રમાંક ૬ થી તા.૧૨/૦૧/૧૭ ના રોજ રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ. પરંતુ સદર દિવસે અને સમયે અપીલ અધિકારીશ્રી તેમજ ગાર્ડન સુપ્રિન્ટેડન્ટશ્રીને મુખ્ય કચેરી ખાતે મીટીંગ હોવાના કારણે તા.૧૩/૦૧/૧૭ ના રોજ અપીલ અધિકારીશ્રીની કચેરીમાં સાંજે ૫:૩૦ કલાકે રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ. જેમાં શ્રી પરિમલ કંસારા દ્વારા કરેલ રજુઆત અને તેની સામે અપીલ અધિકારીશ્રી દ્વારા જરૂરી કામગીરી માટે આપવામાં આવેલ સુચના વિગત વિગત પરિશિષ્ટ–અ મુજબ છે.

**પરિશિષ્ટ–અ**

| મુદ્દા નં. | વિગત | પૂર્તતા |
|---|---|---|
| ૭ | બાગના સમય દરમ્યાન કેટલા મુલાકાતી બાગની મુલાકાતે આવે છે. | બાગના મુલકાતીની સંખ્યા અંગે કોઈ સર્વે કરવામાં આવેલ ન હોય, એવો રેકોર્ડ ઉપલબ્ધ ન હોય, અંદાજ માહિતી આપી શકાય નહી. |
| ૧૦ | ગાંધીબાગ ખાતે પીવાના પાણીની પરબ બનાવવાનો ઠરાવ કયારે પાસ કરવામાં આવ્યો તથા તેમા થયેલ ખર્ચ તથા ઠરાવની નકલ બાબત | બાગમાં આવેલ ટોયલેટ બ્લોક અને પાણીની પરબની નિભાવ કામગીરી સેન્ટ્રલ ઝોન મારફત કરવામાં આવતી હોય, સદર બાબત સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારીને માહિતી આપવા જણાવવું. |
| | બાગમાં અસામાજીક તત્વો દ્વારા શૌચાલય અને પાણીની પરબમાં નુકશાન કરવા તેમજ બાગના સમય બાદ થતા બિનઅધિકૃત પ્રવેશને અટકાવી બાગમાં થતુ નુકશાન અટકાવવા બાબત. | બાગમાં સુરક્ષા અને વ્યવસ્થાની જવાબદારી વોચ એન્ડ વોર્ડ વિભાગની હોય, સદર રજુઆત બાબત સુ.મ.પા.ના સંબંધિત વિભાગને જાણ કરવામાં આવશે અને અસામાજીક તત્વોથી થતા નુકશાન અટકે તે અંગે કાર્યવાહી માટે પોલીસ વિભાગને જણાવવું. |

**હુકમ**

અરજદારની અપીલ અરજી તેમજ રૂબરૂ સુનવણી દરમ્યાન થયેલ પરિશિષ્ટ–અ મુજબની કાર્યવાહી કરવા જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ છે. ઉપરોકત હકીકત ધ્યાને લેતા અરજી દફતરે કરવાનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

પી.પી.જી./આ.વ./નં.
તા.૧૯/૦૧/૧૭

અપીલ અધિકારી અને
ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટ
જાહેર બાગ બગીચા ખાતુ

**નકલ રવાના : –**

**પ્રતિ,**
શ્રી પરિમલ કંસારા

| સુરત મહાનગર પાલિકા | | |
|---|---|---|
| **ડૉ. એસ. જે. ગૌતમ**<br><br>ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ | | જાહેર બાગ બગીચા ખાતુ<br>ગાંધીબાગ, ચોકબજાર, સુરત.<br>ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩<br>ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦ |


**અપીલ અરજી પી.પી.જી./ઈ.નં./૩૮૦૪, તા.૧૯/૧૨/૧૬**

**અરજદાર :– શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીન**
**સામાવાળા :– ડે.ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી શ્રી, જાહેર બાગબગીચા ખાતુ**

**ફરીયાદની હકીકત :–**

**વિષય :– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીનની તા.૦૨/૧૧/૧૬ની આઈ.ડી.નં.૧૭૧૭ ની અરજીથી ગાર્ડન વિભાગમાં માંગેલ માહિતી ન મળવાથી નારાજ થઈ અપીલ બાબત.**
**સંદર્ભ : – (૧) પત્ર આઈ.ડી.નં.૧૭૧૭ , તા.૦૨/૧૧/૧૬ ની અરજી બાબત.**
**(૨) પી.પી.જી./ઈ.નં./૩૫૫૫, તા.૨૯/૧૧/૧૬.**
**(૩) અપિલ અન્વયે રૂબરૂ સુનવણીમાં હાજર રહેવા અંગેનો પત્ર પી.પી.જી./આ.વ.નં./૩૮૦૮, તા.૨૦/૧૨/૧૬**

**શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીનની અરજીથી ગાર્ડન વિભાગને લાગુ પડતા મુદ્દા નં.૬ અને ૭ અન્વયે વય / સ્વૈચ્છિક નિવૃત થયેલ કર્મચારીના પેન્શન અંગેની કાર્યવાહી અને તેના પેન્ડીંગ રહેવા અંગે આપેલ માહિતી અપુરતી હોય, નારાજ થઈ અપીલ કરવામાં આવેલ છે.**

**અરજદારની રૂબરૂ સુનવણી રાખવા જોગ જણાતા તેઓને રૂબરૂ સુનવણી માટે તા.૨૮/૧૨/૧૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમાં નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.**

# હુકમ

**અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ રૂબરૂ સુનવણી અન્વયે અરજદારને જાહેર માહિતી અધિકારી દ્વારા પુરતી માહિતી આપેલ હોય, અરજી દફતરે કરવાનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**પી.પી.જી./આ.વ./નં.૩૮૧૦**
**તા.૨૮/૧૨/૧૬**

**અપીલ અધિકારી અને**
**ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટ**
**જાહેર બાગ બગીચા ખાતુ**

**નકલ રવાના : –**
**પ્રતિ,**
**શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીન**

| સુરત મહાનગર પાલિકા | | |
|---|---|---|
| ડૉ. એસ. જે. ગૌતમ<br><br>ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ | | જાહેર બાગ બગીચા ખાતુ<br>ગાંધીબાગ, ચોકબજાર, સુરત.<br>ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩<br>ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦ |

(૧) અપીલ અરજી નં.પી.પી.જી./ઈ.નં./૪૪૯૨, તા.૦૧/૦૨/૧૭

અરજદાર :– શ્રી રોશન આઈ. શેખ
સામાવાળા :– ડે.ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી શ્રી, જાહેર બાગબગીચા ખાતુ

ફરીયાદની હકીકત :–

વિષય :– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી રોશન આઈ. શેખની અરજી તા.૩૦/૧૧/૧૬ ની પીપીજી/ઈ.નં./૩૫૪૨ અન્વયે માંગેલ માહિતી બાબત.
સંદર્ભ : – (૧) પીપીજી/ઈ.નં./૩૫૪૨ , તા.૨૯/૧૧/૧૬ ની અરજી બાબત.
(૨) પી.પી.જી./આ.નં./૧૮૦૧, તા.૨૨/૧૨/૧૬.
(૩) પી.પી.જી./ઈનં./૪૪૯૨, તા.૦૧/૦૨/૧૭.
(૪) પી.પી.જી./આ.નં./૨૩૭૫, તા.૧૬/૦૩/૧૭.

શ્રી રોશન આઈ. શેખની આર.ટી.આઈ.એકટ હેઠળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ માહિતી તેમજ સુ.મ.પા.ના સત્તા મંડળમાં જ અરજી ટ્રાન્સફર કર્યાના પત્ર અરજદારને મળેલ ન હોવાથી નારાજ થઈ અપીલ અધિકારીને અરજી કરતા તા. ૧૦/૦૫/૧૭ ના રોજ અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ જેમા જાહેર માહિતી અધિકારી અને અરજદારને સાથે ચર્ચા થયા મુજબ નીચે જણાવ્યા મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની અપીલ અરજી તેમજ રૂબરૂ સુનવણી દરમ્યાન થયેલ રજુઆત અન્વયે જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ રેકર્ડમુજબ પુરતી માહિતી સમયસર મોકલાવે છે. પરંતુ અરજદારને ટપાલમાં મળેલ ન હોય માહિતી આપતા પત્રની નકલ અને જેતે વિભાગને ટ્રાન્સફર કરેલ પત્રની નકલ આપવા તેમજ સાઉથ ઝોનમાં આવેલ નવિનચંદ્ર ફલોરીંગ ઉધાન માટે અરજદારની રજુઆત મુજબ બાગના વોકવે સાથે આવેલ ટ્રી પ્લાન્ટેશના ટ્રીમીંગ/છટણી, તુટેલ બેન્ચીંસ ઉઠાવવામાં આવેલ છે. જેના સ્થાને નવી બેન્ચીંસ મુકાવવા, વોક વે રીપેરીંગ, વોક વે પર પાણી ભરાતું અપકાવવું, ઘડિયાળ રીપેરીંગ વિગેરે બાબતે સાઉથ ઝોનના સ્ટાફ સાથે સંકલનથી કાર્યવાહી થવા તથા બાગના સિવિલ અને ઈલેકટ્રીકલ કામગીરી બાબતે સાઉથ ઝોન માંથી સંબંધિત જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીને અરજી ટ્રાન્સફર થી મોકલાવવામાં આવેલ છે. પરંતુ અરજદારને પ્રત્તયુતર મળેલ ન હોય, સિવિલ અને ઈલેકટ્રીક કામગીરી માટે માંગેલ માહિતી મોકલાવવા સાઉથ ઝોન અને ગાર્ડન પ્રોજેકટ સેલના જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીને ઘડિયાળ અને બાકડા બાબતે માહિતી આપવા હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

પી.પી.જી./આ.વ./નં.૩૨૨
તા.૧૧/૦૫/૧૭

અપીલ અધિકારી અને
ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટ
જાહેર બાગ બગીચા ખાતુ

**પ્રતિ,**
શ્રી રોશન આઈ. શેખ

ન.રવાના :– જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (ગાર્ડન પ્રોજેકટ સેલ / સાઉથ ઝોન ) પ્રતિ... અરજદારને માંગેલ માહિતી આપવા બાબત

| # સુરત મહાનગર પાલિકા | | |
|---|---|---|
| **ડૉ. એસ. જે. ગૌતમ**<br><br>ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ | | જાહેર બાગ બગીચા ખાતુ<br>ગાંધીબાગ, ચોકબજાર, સુરત.<br>ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩<br>ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦ |

(૧) અપીલ અરજી નં.પી.પી.જી./ઈ.નં./૪૬૭૨, તા.૧૪/૦૨/૧૭

અરજદાર :– શ્રી રાજ મહાજન
સામાવાળા :– ડે.ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી શ્રી, જાહેર બાગબગીચા ખાતુ

ફરીયાદની હકીકત :–

વિષય :– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી રાજ મહાજનની તા.૦૭/૧૧/૧૬ ની આઈ.ડી.નં.૯૩૯થી સુ.મ.પા.નાં ફલાય ઓવર બ્રીજ પર મુકવામાં આવેલ કુંડા એસેસરીની માહિતી બાબત.

સંદર્ભ : – (૧) પત્ર આઈ.ડી.નં.૯૩૦/૬૦૦/૭૨૬૩, તા.૦૭/૦૧/૧૭ ની અરજી બાબત.
(૨) પી.પી.જી./ઈ.નં./૪૮૪, તા.૧૬/૦૧/૧૭.

શ્રી રાજ મહાજનની અરજીથી સુ.મ.પા.નાં ફલાય ઓવર બ્રીજ પર મુકવામાં આવેલ કુંડા એસેસરીની માહિતી માંગવામાં આવેલ જે અન્વયે જાહેર માહિતી અધિકારી તરફે કોઈ માહિતી પુરી પાડવામાં આવેલ ન હોય, કરેલ અપીલ અન્વયે તા. ૦૨/૦૩/૧૭ ના રોજ રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ. અને સદર દિવસના રોજ અપીલ અધિકારીશ્રીની કચેરીમાં સાંજે ૫:૩૦ કલાકે રૂબરૂ સુનવણી રાખવામાં આવેલ. જેમાં શ્રી જેમા શ્રી રાજ મહાજન દ્વારા કરેલ રજુઆત અન્વયે જાહેર માહિતી અધિકારીએ જે તે સમયે ઉપલબ્ધ રેકર્ડ મુજબ આપેલ માહિતી પ્રમાણસર આપેલ છે અરજદારની ફલાયઓવર બ્રીજ પર મુકવામાં આવેલ એસેસરી ફેબ્રીકેશન સ્પેશીફીકેશન તેમજ અંગેના ઈજારદારનું નામ અને સરનામાં અને સહિત વર્કઓર્ડર નકલ ન મળવા તેમજ ફલાય ઓવર બ્રીજ પર મુકવામાં આવેલ હેગીંગ કુંડાઓ અકસ્માત ન થાય તે અંગે સુરક્ષા હેતુસર તકેદારી રાખવા બાબતે નીચે જણાવ્યા મુજબ અરજદારશ્રીનાં અમલમાં મુકવા જોગ જાહેરહિતનાં સુચનો / રજુઆત અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ અને જરૂરી કાર્યવાહી માટે સંબંધિત કર્મચારીને અને વિભાગને જાણ કરવા જાહેર માહિતી અધિકારીને સુચના આપેલ છે.

- સુ.મ.પા.નાં ફલાયઓવર બ્રીજ પર મુકવામાં આવેલ હેગીંગ પોટ એસેસરી અકસ્માત ન થાય તે માટે રજુઆત અન્વયે હેગીંગપોટ એસેસરી કે જે શહેરનાં બ્યુટીફીકેશનના લગાવવામાં આવેલ છે અને નગરજનોને સદર કામની પ્રસંસા પણ કરેલ છે જેને ગાર્ડન વિભાગ ધ્વારા અકસ્માત કારણસર સાઈડથી લગાવવામાં આવેલ છે. અને તેના વધુ સુરક્ષા હેતુસર હુક વધુ ટાઈટ કરવામાં આવેલ છે. અને સુચન મુજબ ભવિષ્યમાં પણ સુરક્ષા હેતુસર જરૂરી તકેદારીથી કાર્યવાહી કરવામાં આવશે. સદરકામનાં ઈજારદાર જય શ્રી બ્રહમાણી કૃપા ટ્રેડર્સ, ૧૦૭ એ, તૃપ્તીનગર સોસાયટી, બમરોલી ગામ, સુરતને પી.પી.જી./આ.વ.નં./૨૦૮૮, તા.૩૦/૦૧/૨૦૧૭ થી વર્કઓર્ડર આપી કામગીરી સોંપવામાં આવેલ છે.
- સુ.મ.પા.ના ફલાયઓવર બ્રીજનાં લાઈટપોલ ઉપર મુકવામાં આવેલ હેગીંગ પોટ એસેસરીઝના સ્પેસીફીકેશનની મૈખિક માંગેલ માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | ૨૦ એમ.એમ. જીઆઈ પાઈપ સી કલાસ |
| ૨ | ૨૦ એમ.એમ. જીઆઈ પાઈપ ૩૬ ઈંચ ડાયામાં બેન્ડ |
| ૩ | ૨૦ એમ.એમ. જીઆઈ પાઈપ ૨૦ ઈંચ લંબાઈ |
| ૪ | કુંડાની ફરતે ૨૦" × ૩ એમ.એમ. ની રાઉન્ડ પટી |
| ૫ | કુંડાની ફરતે ૩ નંગ ૪ એમ.એમ. જાડી તથા ૧૪" ની લંબાઈ વાળી જીઆઈ ચેઈન |
| ૬ | કુંડાની ફરતે ૩ નંગ તથા ચેઈનના ઉપરના ભાગ પર એસ (ડ) હુંક |
| ૭ | ૪૦" × ૩ એમ.એમ. ના ૨ નંગ ¢ કલેમ્પ બનાવવાના તેની લંબાઈ ૧૬" |

- સાઉથ વેસ્ટ ઝોનમાં આવેલ સિધ્ધરાજ જયસિંહ ઉધાનમાં અસામાજિ તત્વો ધ્વારા કરવામાં આવતી બિન અધિકૃત પ્રવૃતિ બાબત રજુઆત કરતા સદર બાબતે ગાર્ડન વિભાગ ધ્વારા લેખિતમા પોલીસ ફરીયાદ કરવામાં આવેલ હતી. અને અરજદારની રજુઆત અન્વયે ફરી લેખિતમાં પોલીસ ફરીયાદ કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

**હુકમ**

**અરજદારની અપીલ અરજી તેમજ રૂબરૂ સુનવણી દરમ્યાન થયેલ રજુઆત અન્વયે જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ રેકર્ડમુજબ પુરતી માહિતી આપેલ છે. અરજદારની અપીલ અન્વયે સુચનો/ રજુઆત મુજબ હવે પછી ફલાય ઓવર બ્રીજમાં મુકવામાં આવનાર હેગીંગ એસેસરીઝ મુકવાની કામગીરીમાં તકેદારી રાખવા હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**પી.પી.જી./આ.વ./નં.**
**તા. ૦૪/૦૩/૧૭**

**અપીલ અધિકારી અને**
**ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટ**
**જાહેર બાગ બગીચા ખાતુ**

**પ્રતિ,**
**શ્રી રાજ મહાજન**